## <u>આંક–૧ લગત હુકમ</u>

આ કામના **આરોપી** વિરૂધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે **ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૬૯,૧૮૮ તથા ધ ડીઝાસ્ટર મેનેજમેન્ટની ૨૦૦૫ ની કલમ–૫૧(બી)** વિગેરે મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા તેઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ પોતાનો ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી સ્વૈચ્છાએ પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાઈ આવતુ હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### ઃઃ હુ ક મ ઃઃ

આ કામના **આરોપી સાગરભાઈ મિલીનભાઈ કાકા** ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીની કબુલાતના આધારે ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૬૯, ૧૮૮ તથા ધ ડીઝાસ્ટર મેનેજમેન્ટની ૨૦૦૫ ની કલમ–૫૧(બી) વિગેરે મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૦/૦૭/૨૦૨૧
વડોદરા

**(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)**
૨૧ માં એડી.સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જયુ. મેજી., વડોદરા.
***કોડ નં. જી.જે–૦૦૮૮૫***

**સજા અંગે સાંભળ્યા,** આરોપીએ પોતે અનિવાર્ય કારણસર બહાર નીકળેલાનો અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનુ જણાવેલ છે. આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવુ આરોપીએ જણાવેલ છે. આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહીં પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાય છે અને સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃઃ હુકમ ઃઃ**

આ કામના આરોપી **સાગરભાઈ મિલીનભાઈ કાકા** ને **ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૬૯,૧૮૮ તથા ધ ડીઝાસ્ટર મેનેજમેન્ટની ૨૦૦૫ ની કલમ–૫૧(બી)** વિગેરે મુજબના ગુના સબબ **રૂા. ૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરાનો** દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહુ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને **દિન–૩** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૦/૦૭/૨૦૨૧
વડોદરા

**(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)**
૨૧ માં એડી.સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જયુ. મેજી., વડોદરા.
***કોડ નં. જી.જે–૦૦૮૮૫***

કે. કે. પરમાર